# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા: ૨૪/૭/૨૦૨૦

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# રાજ્યનો પ્રથમ ઓનલાઇન રોજગાર મેળો યોજાયો

સુરત. ગઇકાલે ભગવાન મહાવીર એજ્યુકેશન ફાઉન્ડેશન તથા ગુજરાત રાજ્યના રોજગાર નિયામકશ્રીના સંયુક્ત ઉપક્રમે રાજ્યનો પ્રથમ ઓનલાઇન રોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રોજગાર મેળામાં ઘી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીએ સહાયક સંસ્થા તરીકે ફાળો આપ્યો હતો.

આ ઓનલાઇન રોજગાર મેળાના ઉદ્ઘાટન સમારોહમાં કેન્દ્રીય રાજ્ય કક્ષાના માનનીય મંત્રી શ્રી અર્જુનરામ મેઘવાલ દ્વારા સૂચક હાજરી આપવામાં આવી હતી. તેમણે સ્કિલ, અપસ્કિલ એન્ડ રિસ્કિલ મુદ્દે સમજણ આપી હતી અને આ રોજગાર મેળાને બિરદાવ્યો હતો.

ઘી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી કેતન દેસાઈએ પણ ઓનલાઇન હાજરી આપી ઓનલાઇન રોજગાર મેળાના ઉદ્ઘાટન સમારોહમાં પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. તેમણે કોવિડ– ૧૯ ના કારણે દક્ષિણ ગુજરાતમાં રિવર્સ માઈગ્રેશનની સમસ્યા ઉપર વિશેષ ભાર આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે સુરત અને આસપાસના વિસ્તારમાં જે કર્મચારીઓની અછત પડેલ છે એમાં આવા કાર્યક્રમ થકી ઘણા અંશે રાહત થશે અને આવી પરિસ્થિતિમાં સ્થાનિક રહેવાસીઓ માટે રોજગારીની વિપૂલ તક ઉભી થશે.

આ ઓનલાઇન મેળામાં ૬૦૦૦થી વધુ નોકરી ઇચ્છુકો અને ૩૦૦થી વધારે એકમો દ્વારા રીક્રુટર તરીકે રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. જેમાં એસજીસીસીઆઇના ઘણા સભ્યોનો પણ સમાવેશ થાય છે.